# રાજકોટના મહે. અધીક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, રાજકોટ

ફોજદારી કેસ નં.**7785/2024**

આંક– **5**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : ૧.ઈમ્તિયાઝ અલારખાભાઈ શેખ,

૨.સાજીદ મહેમુદભાઈ સૈયદ,

૩.રામાભાઈ મોહનભાઈ પરમાર,

૪.સંજય રવિભાઈ રામાવાત,

૫.દેવરાજ મુકેશભાઈ પરમાર,

૬.રાહુલ તુલસીભાઈ વિકાણી,

૭.રફીકભાઈ આદમભાઈ કટીયા,

રહે. બધા રાજકોટ.

## <u>ગુનો : જુગાર ધારા કલમ ૧૨ મુજબનો</u>

## <u>:: ચુ કા દો ::</u>

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમા જાહેરમાં પૈસા પાના વતી હારજીતનો જુગાર રમી રમાડતા જુગારના સાધનો તથા અંગઝડતી માંથી મળી આવેલ રોકડા રૂપીયા સાથે પકડાઈ જઈ ગુનો કરેલ હોય આરોપી વિરુધ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબની ફરીયાદ એ–ડીવીઝન પો.સ્ટે. દાખલ થતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોય ત.ક.અમલદાર દ્રારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ.પો.કોડની કલમ ૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલ આપ્યા બાદ આંક ૦૪ તથા આંક ૦૫ થી પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુનો કબુલ રાખેલ છે તેમજ આંક ૦૩ થી કબુલાત પુરશીષ રજુ કરી ગુનો કબુલ કરવા માંગણી કરેલ છે. આરોપીને ગુનાની મહતમ સજા અંગે જાણ કરેલ છે તેમજ તેઓ ગુનો કબુલ કરવા

બંધાયેલ નથી અને ગુનો કબુલ કરશે તો તેઓ  વિરુધ્ધ પુરાવો ગણાશે તેવી સમજ આપવા છતાં આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા  માંગે છે તેવી હકીકત જણાવેલ છે. હાલના આરોપી વિરુધ્ધ જાહેરમાં પૈસા પાના વડે જુગાર  રમવાનો આક્ષેપ છે.  આ કામે આરોપીનો પ્રથમ ગુનો છે ફરીથી આવો ગુનો નહી કરે તેમ  જણાવેલ હોય જે ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિરુધ્ધ નટવર  હરચંદજી ઠાકોર (૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯) ના ચુકાદાના સિધ્ધાંતો નજર સમક્ષ રાખી આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી **પ્રત્યેક આરોપીને રૂા. ૩૦૦/–** દંડ પેટે ભરવાનો તથા કોર્ટ ઉઠતા સધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન–૩૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતી મુજબ મદામાલ રોકડ રકમ સરકાર જમા કરવા તથા તે સીવાયનો મુદામાલ નાશ કરવા હકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૧૪/૯/૨૦૨૪ ના રોજ સ્પે. સીટીગમાં વાંચી સભળાવી તે મુજબનો આજરોજ હુકમ જાહેર કરેલ છે.

**(પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ)**
એડી. ચીફ જયુડી.મેજી.
રાજકોટ.
(જીજે૦૧૦૫૩)